ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# મનપાની ચૂંટણી માટે આજે જાહેરનામુ પ્રસિદ્ધ થતાં ચૂંટણી પ્રક્રિયા શરૂ થશે

**૧લી એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો ભરાશે : ૩જી એપ્રિલે ચકાસણી, ૫ મી એપ્રિલે ઉમેદવારી પાછી ખેંચવાનો અંતિમ દિવસ : ૨૮૪ મતદાન મથકો : ૬૯ સંવેદનશીલ અને ૩૪ અતિ સંવેદનશીલ મતદાન મથકો**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે આજે વિધિવત જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવશે. તમામ વોર્ડ કચેરીઓ, મનપાની મુખ્ય કચેરી તેમજ જાહેર કચેરીઓના નોટીસ બોર્ડ પર આ જાહેરનામાની નકલ લગાવવામાં આવશે.

આજે જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ મનપાની સામાન્ય ચૂંટણી માટેની પ્રક્રિયાનો પ્રારંભ થશે. મનપાની આ ત્રીજી સામાન્ય ચૂંટણી માટે ગુજરાતી ભાષામાં તેની નોટીસ જાહેર કરવામાં આવશે.

આ ચૂંટણી માટે પાંચ ચૂંટણી અધિકારીઓ અને પાંચ મદદનિશ ચૂંટણી અધિકારીઓની નિયુક્તી કરવામાં આવી છે. મનપાની સામાન્ય ચૂંટણી માટે ૧૧ વોર્ડ છે અને ૪૪ બેઠકો છે.

મનપાની આ ચૂંટણી માટે ૨૮૪ મતદાન મથકો પર મતદાન યોજાશે. આ ચૂંટણી માટે ઈ.વી.એમ.નું એફ.એસ.સી. પૂર્ણ કરી દેવામાં આવ્યુ છે. ૧૫૦૦ થી વધુ કર્મચારીઓ આ ચૂંટણીમાં ચૂંટણી વિષયક કામગીરી સંભાળશે.

આજે જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે. ૧લી એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. ૩ એપ્રિલે ઉમેદવારી પત્રોની ચકાસણી થશે અને ૫ મી એપ્રિલે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની અંતિમ તારીખ છે.

શહેરની આ ચૂંટણી માટે નોંધાયેલા મતદારોની સંખ્યા ૨,૮૨,૬૦૮ જેટલી છે. શહેરમાં ૬૯ મતદાન મથકો સંવેદનશીલ અને ૩૪ મતદાન મથકો અતિ સંવેદનીય છે.

# ભાજપના ઉમેદવારોની પસંદગી માટે મોડી રાત સુધી પાર્લામેન્ટરી બોર્ડની કવાયત

**વર્તમાન ૧૭ માંથી ચાર કે પાંચ કોર્પોરેટરોને રીપીટ કરાશે : ત્રણ સિનિયર નેતાઓને મેદાનમાં ઉતારાશે**

**વોર્ડ નં. ૧, ૫ અને ૧૦ માં ભારે ખેંચતાણ : ૨૯મીએ સાંજે કે ૩૦મીએ સવારે સત્તાવાર જાહેરાત કરાશે**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીના ઉમેદવારોની પસંદગી માટે આજે ભાજપ પ્રદેશના પાર્લામેન્ટરી બોર્ડની બેઠક પ્રદેશ



પ્રમુખ સી.આર. પાટિલ અને મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં મળી હતી.

મુખ્યમંત્રીના નિવાસસ્થાને મળેલ આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ ઉપરાંત પ્રદેશ હોદ્દેદારો અને બોર્ડના સભ્યો હાજર રહ્યા હતા.

મોરવાહડફની વિધાનસભા બેઠકની પેટા-ચૂંટણી અંગે પ્રથમ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ગાંધીનગર મહાનગરપાલિકાની ૪૪ બેઠક માટે નિરીક્ષકોના અહેવાલ બાદ ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે ગઈકાલે ગાંધીનગર શહેર નજીકના એક ગામ ખાતેના પાર્ટી પ્લોટ ખાતે આખી રાતની મહેનતના અંતે ચાર-ચાર પેનલો આજે પાર્લામેન્ટરી બોર્ડ સમક્ષ રજુ કરવામાં આવી હતી.

ત્રણ ચૂંટણી ઈન્ચાર્જ અને વોર્ડ નીરીક્ષકો તથા શહેર ભાજપની સંકલન સમિતિની ગઈકાલે સાંજથી શરૂ થયેલી બેઠકમાં ઉમેદવારોની પસંદગીને લઈ ભારે કશ્મકશ જોવા મળી હતી.

મળતી વિગતો પ્રમાણે બે મહિલા કાઉન્સીલરોએ ટિકિટ માંગી નથી તો એક કાઉન્સીલરનું દુઃખદ અવસાન થયેલ છે. હવે બાકી રહેલ ૧૪ કાઉન્સીલરોમાંથી ૪ કે ૫ ને રિપીટ કરવામાં આવશે જ્યારે બાકીનાના પત્તા કપાઈ જશે તેમ મનાઈ રહ્યુ છે.

આ ચૂંટણીમાં ૩૬ થી વધુ નવા ચહેરાઓને મેદાનમાં ઉતારવામાં આવે તેવી શક્યતાઓ પણ છે આ ઉપરાંત ત્રણ જેટલા જુના જોગીઓને પણ મેદાનમાં ઉતારવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે વોર્ડ નં. ૧, ૫ અને ૧૦ માં ભારે ખેંચાખેંચ ઉમેદવારોની પસંદગી માટે ચાલી રહી છે.

પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ હોળી પછી ઉમેદવારોની યાદી જાહેર કરશે તેમ પણ મનાઈ રહ્યુ છે. જો કે આજે પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મોડે સુધી ચાલી હતી.

ગાંધીનગર શહેરમાં ૪૪ બેઠક માટે ૫૫૦ થી વધુ દાવેદારોએ નિરીક્ષકો સમક્ષ તેમના દાવા રજુ કર્યા હતા. ૪ અલગ અલગ સ્થાનો પર ૧૨ નિરીક્ષકોએ તેમની રજુઆતો સાંભળી હતી. આ પછી ૪-૪ પેનલો બનાવવામાં આવી હોવાની વાતને લઈ પાટનગરના રાજકીય વર્તુળોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે.

મળતી વિગતો પ્રમાણે આ ચૂંટણીમાં ગ્રામીણ વિસ્તારોને શહેરમાં ભેળવવામાં આવતાં કાર્યકરોમાં પણ ચૂંટણીનો ઉત્સાહ વધુ જોવા મળી રહ્યો છે. આ ચૂંટણીમાં કેટલાક કાઉન્સીલરોના કદાચ વોર્ડ બદલવામાં આવે તેવુ પણ બની શકે છે.

જો કે ભાજપ આ વખતે ખુબ જ આક્રમકતા સાથે આ જંગ લડશે એટલુ જ નહિ ઉમેદવારોની પસંદગીમાં પણ ખૂબ જ કડક વલણ અખત્યાર કરી અને આગળ વધશે તેવા સંકેતો સ્થાનિક નેતાગીરીને આપી દેવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

# હોળી દહનના કાર્યક્રમને અનુલક્ષી વનતંત્રએ લાકડાનુ વેચાણ શરૂ કર્યુ

**પ્રતિમણ ૪૫ નો ભાવ વસુલાશે : ગત વર્ષે ૩ હજાર મણ લાકડાનુ વેચાણ થયુ હતુ જયારે આ વર્ષે કોરોના ઇફેક્ટના લીધે ૨ હજાર મણ લાકડાની જરૂરિયાત રહેશે**

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં કોરોનાના કહેર વચ્ચે હોળી ધુળેટીના પર્વનો રંગ ઓસરી ગયો છે. ધુળેટી નિમિત્તે કોઈ કાર્યક્રમો યોજવાના નથી જયારે સેકટરોમાં થતા હોળી દહન અન્વયે પણ સોશિયલ ડીસ્ટન્સીંગ સહીતના નિયમોનુ પાલન થાય તેની પુરતી તકેદારી રાખવા માટે પણ સુચના આપવામાં આવી છે. હોળી દહનને અનુલક્ષી વનતંત્ર દ્વારા લાકડાનુ વેચાણ શરૂ કરી દેવાયુ છે. પ્રતિમણ રૂ ૪૫ નો ભાવ વસુલી વનતંત્ર દ્વારા લાકડા આપવામાં આવે છે. ગત વર્ષે વનતંત્રએઅંદાજિત ૩ હજાર મણ લાકડાનુ વેચાણ કર્યુ હતુ.

ગાંધીનગરમાં હોળી ધુળેટી પર્વની ધમાકેદાર ઉજવણી થાય છે. પરંતુ આ વર્ષે કોરોનાના કહેર વચ્ચે ધુળેટી પર્વની ઉજવણી ફીક્કી પડી ગઈ છે. જયારે હોળી દહનનો કાર્યક્રમ પણ સમિતિ જગ્યાએ થાય તેવી સંભાવના છે. હોળી નિમિત્તે સેકટરોની શેરીઓમાં હોળી દહન કરવામાં આવે છે. જેમાં સેકટરવાસીઓ અને સોસાયટીને અનુલક્ષી રહીશો હોળી દહનનો કાર્યક્રમ યોજીને દર્શન કરે છે. પરંતુ આ વર્ષે કોરોનાનો કહેર યથાવત છે. એકબાજુ કોરોનાના કેસ પણ વધી રહ્યા છે. ત્યારે ધુળેટીના પર્વની ઉજવણી પણ બેરંગ બની છે. ત્યારે હોળી દહનનુ આયોજન પણ સેકટરોમાં ભીડ ન થાય તે મુજબ કરવા માટે સ્થાનિકોએ પણ વિચારણા હાથ ધરી છે. સરકારે પણ હોળી દહન દરમિયાન સોશિયલ ડીસ્ટન્સીંગ જળવાય તેમજ માસ્કનો ઉપયોગ થાય તેની તકેદારી રાખવા માટે અપીલ કરી છે. વનતંત્ર દ્વારા હોળી દહન માટે દરવર્ષે લાકડાનુ વેચાણ કરવામાં આવે છે. આ વર્ષે પણ વનતંત્ર દ્વારા લાકડાનુ વેચાણ કરવામાં આવી રહ્યુ છે. હોળી દહન માટે પ્રત્યેક સેકટર માટે અંદાજિત ૨૦ મણ જેટલા લાકડા આપવામાં આવે છે.

હોળીદહન માટે લાકડાના વેચાણને અનુલક્ષી પ્રતિમણ રૂ ૪૫ નો ભાવ નિયત કરાયો છે. જયારે ગરીબોને રાહત દરે રૂ ૨૨ વસુલવામાં આવે છે. ત્રણ ચાર વર્ષ અગાઉ હોળી નિમિત્તે શહેરમાં અંદાજિત ૫ હજાર મણ લાકડાનુ વેચાણ થતુ હતુ જયારે ગત વર્ષે ૩ હજાર મણ લાકડાનુ વેચાણ થયુ હતુ જયારે આ વર્ષે ૨ હજાર મણથી પણ ઓછુ વેચાણ થશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે. કોરોનાના લીધે સેકટરોમાં હોળી દહનનો કાર્યક્રમ અમુક ચોક્કસ જગ્યાએ જ થાય તે મુજબનુ આયોજન કરાયુ છે.

# કોંગ્રેસમાં ૪૪ બેઠકો માટે ૨૯૬ દાવેદારો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગરપાલિકાની ૪૪ બેઠકો માટે ઉમેદવારોની પસંદગી માટે આજે કોંગ્રેસ પક્ષે સુનાવણીની કામગીરી સંપન્ન કરી છે.

૧૧ વોર્ડની ૪૪ બેઠક માટે કોંગ્રેસની ટિકિટ મેળવવા માટે ૨૯૬ દાવેદારોએ તેમના દાવા નીરીક્ષકો સમક્ષ વ્યક્ત કર્યા છે.

આજે વોર્ડ નં. ૭ થી ૧૧ ની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આજે સુનાવણી દરમ્યાન એક-બે વોર્ડમાં તો ઉમેદવારોએ જ સામેથી પેનલ બનાવી નિરીક્ષકોને સૂચવી હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન કોંગ્રેસ પક્ષના શહેર એકમે મનપાની ચૂંટણી માટે વોર્ડ પ્રમુખ અને અન્ય કાર્યકર્તાઓ દાવેદારી માટે રજુઆત કરવા માગતા હોય તો ૨૮મીએ નિરીક્ષકો તેમની રજુઆતો પણ શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે સાંભળશે તેમ અખબારી યાદીમાં જણાવાયુ છે.

કોંગ્રેસ પક્ષ દ્વારા ૨૯મીએ નિરીક્ષકોનો અહેવાલ મળી ગયા પછી ૩૦મી અથવા ૩૧મીએ તેની યાદી જાહેર કરશે તેમ મનાઈ રહ્યુ છે.

# ગાંધીનગર તાલુકા પંચાયતનું પુરાંતલક્ષી બજેટ મંજૂર

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર તાલુકા પંચાયતની આજે મળેલ બેઠકમાં વર્ષ-૨૦૨૧-૨૨નુ રૂ. ૧૬૯.૮૦ લાખની પુરાંત ધરાવતુ બજેટ મંજૂર કરવામાં આવ્યુ છે.

તાલુકા પંચાયતના પ્રમુખ ગોપાળજી ઠાકોરની અધ્યક્ષતામાં મળેલ બજેટ બેઠકમાં બજેટ પસાર કરવામાં આવ્યુ હતુ. આ બજેટમાં ગ્રામ્ય વિસ્તારમાં પંચાયત વિકાસ પ્રવૃત્તિ અને ગ્રામ વિકાસના કામો હાથ ધરવા માટે રૂ. ૪૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

શિક્ષણ માટે રૂ. પાંચ લાખની જોગવાઈ તથા વર્ગખંડની મરામત અને મધ્યાહન ભોજન યોજનાના શેડ માટે રૂ. ૨૫ લાખની ફાળવણી કરવામાં આવી છે.

આરોગ્ય અને જન સુખાકારી ક્ષેત્રે રૂ. ૪ લાખની તથા આંગણવાડી વિકાસ પ્રવૃતિ અને ખૂટતી સુવિધાઓ માટે રૂ. ૪૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

કુદરતી આફતો સામે રાહત માટે રૂ. ૨૦ લાખની જોગવાઈ કરવા ઉપરાંત ગ્રામ પંચાયતને પીવાના પાણીની સુવિધા કરવા માટે રૂ. ૧૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

આજની આ બેઠકમાં કારોબારી સમિતિના ચેરમેનની સત્તા પ્રમુખને સોંપવા માટે અધ્યક્ષસ્થાનેથી પ્રસ્તાવ રજુ થતાં કોંગ્રેસના આ બે

● અનુસંધાન પાન-૭ પર



**હોળીના લોકમેળા પર પ્રતિબંધ સામે સરકારનો ''સંક્રમણ-પ્રૂફ'' સરસ મેળો..!!**

રાજયભરમાં કોરોના સંક્રમણની બીજી લહેર વધુ ઘેરી બની રહી છે અને કોરોના પોઝિટીવ કેસોની સંખ્યામાં સતત ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે જેને અનુલક્ષીને રાજ્ય સરકાર દ્વારા ફરી એકવાર કોવિડ-૧૯ની ગાઈડલાઈનની ધૂંસરી તાણવામાં આવી છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ગાઈડલાઈનના છડેચોક ધનજાગરા ઉડાવનારા સત્તાધીશોને વધતા કોરોના કેસોમાં પ્રજાનો જ વાંક દેખાઈ રહ્યો છે, જેના પગલે જનતાના જીવનમાં વણાયેલા ઉત્સવો અને લોકમેળા પર પ્રતિબંધનું શસ્ત્ર અજમાવી કોરોના સંક્રમણને સત્તા લાલસાના મોહમાં વધવા દેવાના દોષમાંથી હાથ ખંખેરી લેવાની નીતિ સ્પષ્ટ જોવા મળી રહી છે. જે સરકારે સત્તાના મદમાં ''અમે કહીએ તે જ સાચુ''ના ગુમાનરૂપી ચશ્માં આંખે ચઢાવી દીધાં છે તે સરકારને પ્રજાના ઉત્સવો-લોકમેળામાં સંક્રમણ વધતું દેખાઈ આવે છે પરંતુ આ સમયે જ સરકારે પોતે યોજેલા ''સરસ મેળા''માં કોઈ ગાઈડલાઈન આડે આવતી દેખાતી નથી..!! આ તો આપણે કરીએ તો છીનાળું અને પ્રભુ કરે તે લીલા જેવી બેવડી નીતિ છે જે હવે ''ભોળી'' પ્રજા પણ પોતાની આંખે ભાળી રહી છે.

# જિલ્લામાં કોરોનાના ૪૦ કેસ

**ગાંધીનગર તાલુકામાં ૧૧, માણસા-દહેગામમાં ૩-૩, કલોલમાં ૧ કેસ : સે. ૨૬ માં ૪, સે. ૩૦ માં ૩ અને સે. ૧૩, ૭, ૬ માં બે-બે કેસ ઉપરાંત સે. ૨૨, ૨૫, ૨૦, ૧૪, ૨૮, ૪, ૨૭, ૨૯ તેમજ ધોળાકુવામાંથી કેસ મળ્યા**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૪૦ થઈ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૮ અને શહેરમાં ૨૨ કેસ મળી આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૬ મહિલા દર્દીનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસોમાંથી ૩ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા કેસોને પગલે તંત્રની દોડધામ વધવા પામી છે. જિલ્લામાં સઘન સર્વેલન્સ માટેની તાકીદ કરવા ઉપરાંત ટેસ્ટીંગમાં વધારો કરવાની સૂચનાઓ આપવામાં આવી છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૩, કલોલમાં ૧ અને માણસામાં ૩ કેસ તેમજ ગાંધીનગરમાં ૧૧ કેસ નોંધાયા છે. ગાંધીનગર તાલુકામાં જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. મોટીવયના લોકો પણ સંક્રમિત થઈ રહ્યા છે અને મહિલા દર્દીઓની વધતી સંખ્યાને લઈ તંત્ર ચિંતાતુર બન્યુ છે.

દહેગામ તાલુકામાં ઝાંક, લીહોડા, સાંપામાંથી કેસ મળી આવ્યા છે.

કલોલ તાલુકાના નારદીપુર ગામેથી આજે એક કેસ લાંબા સમય પછી મળી આવ્યો છે.

માણસા તાલુકામાંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. જેમાં લોદરા ખાતેથી મળી આવેલ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત અનોડિયા અને માણસા અર્બનમાંથી મળેલ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર તાલુકામાં કુડાસણમાંથી ૩, રાયસણમાંથી ૨, પેથાપુરમાંથી ૨, સરગાસણમાંથી ૨ ઉપરાંત વાવોલ-ડભોડામાંથી કેસ મળી આવેલ છે.

## શહેરમાં ૨૨, ગ્રામ્યમાં ૧૮ કેસ નોંધાયા

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૩૦૫ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં ત્રણ મહિના પછી ૧૨૬૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા પણ ૧૦૦ના આંકને પાર કરી ગઈ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૨૨ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં ૭ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસોમાં બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

આજે સંક્રમિત થનારાઓમાં સિવિલ જજ, નાગરિક બેંકની સચિવાલય શાખાનો કર્મયોગી, ડ્રાયવર, બે વેપારી, કૃષિભવનનો કર્મયોગી, ટ્રાવેલ્સની બુકિંગ ઓફિસનો કર્મચારી, એકાઉન્ટન્ટ, ખાનગી કંપનીનો કર્મયોગી, કૃષિ વિભાગના સુપરવાઈઝર, સે. ૨૧માં ઈલે.નો વેપાર કરતા વેપારી, મહિલા એડવોકેટ અને હોટલમાં સિક્યોરીટી તરીકે ફરજો બજાવતા કર્મચારીનો સમાવેશ થાય છે.

શહેરમાં સે. ૨૬ માંથી ૪ કેસ, સે. ૩૦ માંથી ૩ કેસ તેમજ સે. ૧૩, ૭ અને ૬ માંથી ૨-૨ કેસ મળવા ઉપરાંત સે. ૨૨, ૨૫, ૨૦, ૧૪, ૨૮, ૪, ૨૭, ૨૯ તેમજ શહેરમાં સમાવિષ્ટ ધોળાકુવા ગામેથી એક-એક કેસ મળી આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી કેસો મળવાની સાથે મહિલા દર્દીઓ તેમજ મોટીવયના દર્દીઓ જે મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં એક્ટીવ કેસોની સંખ્યા ૧૯૫ને પાર કરી ગઈ છે. શહેરમાં કેસો વધતા તંત્રની ચિંતા વધી છે. સર્વેલન્સ સઘન બનાવવા ઉપરાંત ટેસ્ટીંગ વધારવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી છે.

શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા પણ ૧૯૦ની આસપાસ પહોંચી છે.

સરમાઉન્ટ હોસ્પિટલ
SURMOUNT HOSPITAL
પ્લોટ નં.R-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર.
મો. ૮૪૬૯૮૮૦૫૫૦, ૯૬૨૪૪૦૧૯૯૯
ગર્વમેન્ટ માન્ય કોવિડ સેન્ટર
EMERGENCY 24 HOURS SERVICES
હોમકેર પેકેજ
• દરરોજ કોવિડ સ્પેશ્યાલિસ્ટ એમ.ડી. ફીજીશીયનની એક વિઝીટ
• કોવિડ કેર કીટ જેમાં ઓક્સિજન માત્રા ચેક કરવા માટે પલ્સ ઓકસી મીટર, થર્મોમીટર, સ્ટીમ ઈન્હેલર (નાસ લેવા માટે), N-95 માસ્ક, હેન્ડ સેનેટાઈઝર
• ઈમરજન્સી સારવાર 24 x 7 વિડીયો કોલીંગ મારફતે અને જરૂર પડે તો ઘરે પણ
• જરૂર પડે તો કોવિડ હોસ્પિટલમાં દાખલ થવા સુધીની સગવડ
• કોવિડ માટેના મોઘા ઈન્જેકશન Remdesivir ઘરે આપવાની સુવિધા
• 7 દિવસનું પેકેજ ઉપલબ્ધ • સીટી સ્કેન કરાવવા માટે એમ્બ્યુલન્સની સુવિધા
• ઘર બેઠા બ્લડ રીપોર્ટ • કોરોનાને લગતી તમામ દવાઓ • સંપૂર્ણ 7 દિવસનું પેકેજ
*T&C

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# કોર્પોરેશનમાં સમાવિષ્ટ ગામોમાં ગટર લાઈનના જોડાણનુ કામ હાથ ધરાશે

**ગુડા દ્વારા હોળી બાદ દુષિત પાણીના યોગ્ય નિકાલ માટે લાઇન જોડાણની કામગીરી શરૂ કરાશે**

ગાંધીનગર તા ૨૬

ગુડા વિસ્તારમાંથી કાર્પોરેશનમાં સમાવિષ્ટ થયા હોય તેવા આઠ જેટલા ગામોની ગટર લાઈનને ગુડાની લાઈન સાથે જોડવા ટુંકમાં કામ હાથ ધરાશે. ગુડા વિસ્તારનુ દુષિત પાણી તળાવો અને નદીમાં જતુ રોકવા ગટર લાઈન સાથે જોડાણ આપવાની કામગીરી હાથ ધરાશે આ ઉપરાંત નર્મદાનુ શુધ્ધ પાણી આપવા માટે પણ લાઈનનુ કામ કરવામાં આવશે. આ માટે અંદાજિત રૂ ૭.૫૦ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગર શેહીર વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં વિકાસ કામોની સાથે માળખાગત સુવિધાના કામોને પણ વેગ આપવામાં આવી રહ્યો છે. જયારે ગુડા વિસ્તારમાં પાણી રસ્તા ગટર અને સ્ટ્રીટ લાઈટના કામો પણ હાથ ધરવામાં આવ્યા છે ગુડા વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. જયારે ગુડાના ગામોનો કોર્પોરેશનમાં સમાવેશ થતા આ ગામોના ગટરના દુષિત પાણીનો નિકાલ કરવા માટે પણ લાઈનના જોડાણનુ કામ હાથ ધરાશે. પીવાનુ શુધ્ધ પાણી મળી રહે તે માટે પણ લાઈનનુ કામ શરૂ કરવા માટે આયોજન કરાયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com